# એમસીએક્સ પર ગોલ્ડ-ગિની, ગોલ્ડ-પેટલ અને વિવિધ બિનલોહ ધાતુઓ સહિતની ૧૮ કોમોડિટીઝના નવા કોન્ટ્રેક્ટ્સ વાયદાનાં કામકાજ માટે આજથી ઉપલબ્ધ

## સોના-ચાંદી બંને કીમતી ધાતુના વાયદામાં ઘટ્યા ભાવથી સુધારોઃ નિકલ સિવાય બધી ધાતુ વધીઃ કૃષિચીજોમાં બટેટા, રૂ, સીપીઓ ઢીલાઃ કોમડેક્સ ૧૨.૪૪ પોઈન્ટ વધી ૩૮૩૧.૯૯

મુંબઇ, તા.૩૧

એમસીએક્સે વિવિધ કોમોડિટીઝના ૧૮ નવા કોન્ટ્રેક્ટ્સ વાયદાનાં કામકાજ માટે બુધવાર, ૧ ફેબ્રુઆરીથી ખૂલ્લા મૂકવાની જાહેરાત કરી હતી, જે હેઠળ કપાસખોળ અને આયર્ન ઓર પ્રત્યેકમાં માર્ચ-૨૦૧૨, ગોલ્ડ-ગિની, ગોલ્ડ-પેટલ, ગોલ્ડ-પેટલ (નવી દિલ્હી) અને મેન્થા ઓઈલ પ્રત્યેકમાં એપ્રિલ-૨૦૧૨, એલ્યુમિનિયમ તથા એલ્યુમિનિયમ-મિની, ક્રૂડ પામ તેલ, સીસું તથા સીસું-મિની, નિકલ તથા નિકલ-મિની, ટિન, જસત તથા જસત-મિની પ્રત્યેકમાં મે-૨૦૧૨ ઉપરાંત બદામમાં જૂન-૨૦૧૨ કોન્ટ્રેક્ટ્સનો સમાવેશ થાય છે.

એમસીએક્સ પર આજે જાન્યુઆરી મહિનાના અંતિમ દિનના પ્રથમ સત્રમાં ગઈકાલને મુકાબલે કામકાજ થોડા સૂસ્ત હતા. આજે ૪,૩૫,૭૨૬ સોદામાં રૂ.૨૩,૬૫૫.૯૮ કરોડનું વોલ્યુમ થયું હતું. સોના-ચાંદીનું વોલ્યુમ આજે ઘટી રૂ.૧૩,૩૧૪.૮૯ કરોડનું થયું હતું. આજે સોનામાં વોલ્યુમ વધ્યું હતું, પણ ચાંદીમાં ઘટ્યું હતું. સોનામાં ૧,૦૪,૨૨૬ સોદામાં રૂ.૮,૦૮૯.૭૧ કરોડનાં ૨૮,૫૩૯ કિલોનો ધંધો થયો હતો. ઓપન ઈન્ટરેસ્ટ ૨૦,૪૦૬ કિલો હતો. ચાલુ વાયદામાં રૂ.૬,૩૯૩.૪૭ કરોડનાં ૨૨,૫૩૯ કિલો, ગિનીમાં રૂ.૪૨.૭૩ કરોડ અને પેટલમાં રૂ.૩૫.૨૦ કરોડના વેપાર થયા હતા.

સોનામાં ગઈકાલે ઘટેલા વાયદા આજે પુનઃ સુધરી આવ્યા હતા. ભાવ રૂ.૩૩થી રૂ.૧૬૭ની રેન્જમાં વધ્યા હતા. ચાલુ વાયદામાં એપ્રિલ સૌથી ઓછો રૂ.૩૩ વધી રૂ.૨૮,૪૮૩ અને લાંબી મુદતનો ઓગસ્ટ વાયદો સૌથી વધુ રૂ.૧૬૭ વધી રૂ.૨૯,૧૮૮ રહ્યો હતો. ગિનીના વાયદા રૂ.૩૩થી રૂ.૩૧૧ અને પેટલના વાયદા રૂ.૪થી રૂ.૨૯ વધ્યા હતા. ગિનીનો જાન્યુઆરી વાયદો રૂ.૩૧૧ વધી રૂ.૨૨,૫૮૮ રહ્યો હતો.

ચાંદીમાં ૧,૦૪,૪૮૨ સોદામાં રૂ.૫,૨૨૪.૯૮ કરોડની ૯૧૨.૮૦૧ ટન ચાંદીનો વેપાર થયો હતો. ઓપન ઈન્ટરેસ્ટ ૮૮૫.૪૨૭ ટનનો હતો. ચાલુ વાયદામાં રૂ.૩,૫૩૬.૯૧ કરોડની ૬૧૮.૧૨૦ ટન ચાંદીનો ધંધો થયો હતો. મિની વાયદામાં રૂ.૧,૨૮૯.૨૩ કરોડ અને માઈક્રો વાયદામાં રૂ.૩૯૮.૮૪ કરોડનાં કામ થયાં હતાં.

ચાંદીના વાયદા રૂ.૫૦થી રૂ.૨૯૦ની રેન્જમાં વધ્યા હતા. ચાલુ સપ્ટેમ્બર વાયદો સૌથી વધુ રૂ.૨૯૦ વધી રૂ.૬૦,૨૪૬ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ વાયદો સૌથી ઓછો રૂ.૫૦૦ બવધી રૂ.૬૦,૨૨૩ બંધ હતો.

બિનલોહ ધાતુઓમાં તાંબાના વાયદા રૂ.૨.૦૫થી રૂ.૨.૬૦, એલ્યુમિનિયમના ૧૦ પૈસાથી રૂ.૧.૬૫, સીસાના ૬૦ પૈસાથી રૂ.૧.૬૦ અને જસતના વાયદા રૂ.૧.૧૦થી રૂ.૧.૬૦ જેટલા વધ્યા હતા. નિકલના વાયદાઓમાં ૫૦ પૈસાથી રૂ.૫ની મિશ્ર વધઘટ ભાવમાં રહી હતી. તાંબામાં રૂ.૨,૨૮૭.૨૪ કરોડનાં ૫૪,૦૯૮ ટન, નિકલમાં રૂ.૮૦૧.૫૦ કરોડનાં ૭,૫૬૫.૫૦૦ ટન, એલ્યુમિનિયમમાં રૂ.૩૩૦.૩૫ કરોડનાં ૨૯,૩૫૫ ટન, સીસામાં રૂ.૬૪૬ કરોડનાં ૫૭,૪૧૫ ટન ને જસતમાં રૂ.૭૬૬.૬૩ કરોડનાં ૭૨,૭૭૫ ટનના વેપાર થયા હતા.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાના ભાવોમાં રૂ.૪થી રૂ.૪૩ની વૃદ્ધિ રહી હતી. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો રૂ.૪૧ વધી રૂ.૪,૯૮૬ બંધ રહ્યો હતો. બ્રેન્ટ ક્રૂડ તેલનો ફેબ્રુઆરી વાયદો રૂ.૪૨ વધવા સામે માર્ચ રૂ.૨ ઢીલો બંધ થયો હતો. નેચરલ ગેસના ત્રણેય વાયદા રૂ.૫.૬૦થી રૂ.૬.૨૦ નરમ રહ્યા હતા. ક્રૂડ તેલમાં ૩૩,૨૬૫ સોદામાં રૂ.૨,૯૦૮.૭૦ કરોડનાં ૫૮,૫૧,૬૦૦ બેરલ્સ, બ્રેન્ટ ક્રૂડ તેલમાં રૂ.૨૨.૭૭ કરોડનાં ૪૦,૯૦૦ બેરલ્સ અને નેચરલ ગેસમાં ૧૮,૮૧૪ સોદામાં રૂ.૫૫૬.૫૮ કરોડનાં ૪,૧૫,૧૮,૭૫૦ એમએમબીટીયૂનાં કામકાજ થયાં હતાં.

કૃષિ અને અન્ય ચીજોમાં સીપીઓના ચારેય વાયદા ૭૦ પૈસાથી રૂ.૨.૧૦ ઘટ્યા હતા. સીપીઓ જાન્યુઆરી વાયદો રૂ.૨.૧૦ ઘટી રૂ.૫૧૪.૨૦ બંધ રહ્યો હતો. એલચીના ચારેય વાયદા રૂ.૧૫.૧૦થી રૂ.૧૮.૮૦ની રેન્જમાં નરમ હતા. એલચી ફેબ્રુઆરી વાયદો રૂ.૧૮.૬૦ ઘટી બંધમાં રૂ.૬૬૩.૮૦ રહ્યો હતો. ખાંડ-એમ કોલ્હાપુરમાં રૂ.૧૨થી રૂ.૧૭નો સુધારો ભાવમાં રહ્યો હતો. ખાંડ-એમ કોલ્હાપુર ફેબ્રુઆરી રૂ.૧૭ વધી રૂ.૨,૮૬૪ થયો હતો. બટેટાની જાતોમાં આગ્રાના ત્રણેય વાયદા રૂ.૧.૯૦થી રૂ.૩.૯૦ જેટલા સુધર્યા હતા. બટેટા-આગ્રા માર્ચ વાયદો રૂ.૩.૯૦ વધી રૂ.૭૨૮.૩૦ બંધ હતો. બટેટા-તારકેશ્વરનો માર્ચ વાયદો રૂ.૨.૪૦ વધી રૂ.૫૮૧.૮૦ થયો હતો, જ્યારે એપ્રિલ ૮૦ પૈસા અને મે ૭૦ પૈસા ઢીલા બંધ થયા હતા. મેન્થા તેલ રૂ.૩૪.૬૦થી રૂ.૧૨૭.૨૦ વધ્યું હતું. મેન્થા તેલ જાન્યુઆરી વાયદો રૂ.૧૨૭.૨૦ વધી રૂ.૧,૬૫૯.૯૦ બંધ હતો. કપાસનો માર્ચ વાયદો રૂ.૬ અને એપ્રિલ રૂ.૩.૯૦ વધી અનુક્રમે રૂ.૮૯૯.૭૦ અને રૂ.૯૧૭.૬૦ બંધ રહ્યા

**MCX**

**મેટલ અને એનર્જી**

**વિશ્વાસ સાથે વેપાર**

હતા. રૂના ચારેય વાયદા રૂ.૧૧૦થી રૂ.૧૯૦ની રેન્જમાં ઘટ્યા હતા. રૂનો જાન્યુઆરી વાયદો રૂ.૧૯૦ ઘટી બંધમાં રૂ.૧૭,૪૨૦ રહ્યો હતો. સીપીઓમાં રૂ.૧૭૪.૦૮ કરોડનાં ૩૩,૫૯૦ ટન, એલચીમાં રૂ.૮૦.૩૨ કરોડનાં ૧,૧૭૦ ટન, ખાંડ-એમ કોલ્હાપુરમાં રૂ.૮.૦૪ કરોડનાં ૨,૮૦૦ ટન, બટેટા-આગ્રામાં રૂ.૧૪.૨૩ કરોડનાં ૧૯,૫૯૦ ટન, બટેટા-તારકેશ્વરમાં રૂ.૧.૮૭ કરોડનાં ૩,૨૧૦ ટન, મેન્થા તેલમાં રૂ.૬૮૫.૧૦ કરોડનાં ૪,૩૫૮ ટન, કપાસમાં રૂ.૫૮.૯૫ કરોડનાં ૧૨,૯૭૬ ટન અને રૂના વાયદાઓમાં રૂ.૩૬.૪૪ કરોડનાં ૨૦,૧૦૦ ગાંસડીના વેપાર થયા હતા.

કોમેડેક્સ આજે ૧૨.૪૪ પોઈન્ટ વધી ૩૮૩૧.૯૯ બંધ રહ્યો હતો. વિભાગીય આંકોમાં મેટલ ઈન્ડેક્સ ૧૮.૮૪ પોઈન્ટ વધી ૫૦૧૨.૭૨, એનર્જી ઈન્ડેક્સ ૬.૭૭ પોઈન્ટ વધી ૩૩૩૯.૯૮ અને એગ્રી ઈન્ડેક્સ ૧૪.૨૧ પોઈન્ટ વધી ૩૨૨૦.૯૫ બંધ રહ્યા હતા.

## એમસીએક્સના વાયદાના ભાવ

| કોમોડિટી | પાકતી તારીખ | ખૂલી | વધી | ઘટી | બંધ | વધઘટ |
|---|---|---|---|---|---|---|
| સોનું | ૦૪-૦૨-૧૨ | ૨૮૧૦૦.૦૦ | ૨૮૧૭૯.૦૦ | ૨૮૦૮૪.૦૦ | ૨૮૧૦૮.૦૦ | ૪૯.૦૦ |
| સોનુ-મિની | ૦૪-૦૨-૧૨ | ૨૮૦૬૬.૦૦ | ૨૮૧૫૯.૦૦ | ૨૮૦૬૬.૦૦ | ૨૮૧૦૦.૦૦ | ૫૮.૦૦ |
| ગોલ્ડ પેટલ | ૩૧-૦૧-૧૨ | ૨૮૦૩.૦૦ | ૨૮૦૯.૦૦ | ૨૭૮૩.૦૦ | ૨૮૨૫.૦૦ | ૨૯.૦૦ |
| ગોલ્ડ-પેટલ-દિલ્હી | ૩૧-૦૧-૧૨ | ૩૦૦૧.૦૦ | ૩૧૨૦.૦૦ | ૨૯૫૨.૦૦ | ૨૮૨૪.૦૦ | -૨૧૮.૦૦ |
| ગોલ્ડ-ગિની | ૩૧-૦૧-૧૨ | ૨૨૨૯૪.૦૦ | ૨૨૩૭૫.૦૦ | ૨૨૨૨૧.૦૦ | ૨૨૫૮૮.૦૦ | ૩૧૧.૦૦ |
| ચાંદી | ૦૫-૦૩-૧૨ | ૫૭૦૫૫.૦૦ | ૫૭૩૦૦.૦૦ | ૫૬૯૩૮.૦૦ | ૫૭૧૮૭.૦૦ | ૧૯૫.૦૦ |
| ચાંદી માઈક્રો | ૨૯-૦૨-૧૨ | ૫૭૦૫૦.૦૦ | ૫૭૩૧૫.૦૦ | ૫૬૯૬૦.૦૦ | ૫૭૧૯૫.૦૦ | ૧૯૧.૦૦ |
| ચાંદી-મિની | ૨૯-૦૨-૧૨ | ૫૭૦૫૦.૦૦ | ૫૭૩૧૮.૦૦ | ૫૬૯૯૭.૦૦ | ૫૭૧૯૫.૦૦ | ૧૯૧.૦૦ |
| તાંબુ | ૨૯-૦૨-૧૨ | ૪૨૧.૫૫ | ૪૨૪.૨૫ | ૪૨૦.૬૫ | ૪૨૩.૮૦ | ૨.૬૦ |
| તાંબુ-મિની | ૨૯-૦૨-૧૨ | ૪૨૧.૫૫ | ૪૨૪.૨૦ | ૪૨૦.૭૦ | ૪૨૩.૮૦ | ૨.૬૦ |
| નિકલ | ૩૧-૦૧-૧૨ | ૧૦૫૬.૦૦ | ૧૦૬૨.૭૦ | ૧૦૪૭.૯૦ | ૧૦૬૦.૬૦ | ૫.૦૦ |
| નિકલ-મિની | ૩૧-૦૧-૧૨ | ૧૦૫૮.૫૦ | ૧૦૬૨.૬૦ | ૧૦૪૭.૬૦ | ૧૦૬૦.૮૦ | ૫.૨૦ |
| એલ્યુમિનિયમ-મિની | ૩૧-૦૧-૧૨ | ૧૧૧.૧૫ | ૧૧૨.૯૫ | ૧૧૦.૯૫ | ૧૧૨.૭૦ | ૧.૫૫ |
| એલ્યુમિનિયમ | ૩૧-૦૧-૧૨ | ૧૧૦.૯૫ | ૧૧૨.૯૫ | ૧૧૦.૯૫ | ૧૧૨.૭૫ | ૧.૬૫ |
| સીસું-મિની | ૩૧-૦૧-૧૨ | ૧૧૧.૧૦ | ૧૧૩.૨૫ | ૧૧૦.૬૫ | ૧૧૨.૯૦ | ૧.૫૫ |
| સીસું | ૩૧-૦૧-૧૨ | ૧૧૧.૧૦ | ૧૧૩.૨૦ | ૧૧૦.૮૦ | ૧૧૨.૯૫ | ૧.૬૦ |
| જસત-મિની | ૩૧-૦૧-૧૨ | ૧૦૪.૧૦ | ૧૦૬.૧૫ | ૧૦૩.૬૫ | ૧૦૫.૯૫ | ૧.૬૦ |
| જસત | ૩૧-૦૧-૧૨ | ૧૦૩.૯૫ | ૧૦૬.૧૫ | ૧૦૩.૬૫ | ૧૦૫.૯૫ | ૧.૬૦ |
| ક્રૂડ તેલ | ૨૦-૦૨-૧૨ | ૪૯૪૮.૦૦ | ૪૯૯૮.૦૦ | ૪૯૪૮.૦૦ | ૪૯૮૬.૦૦ | ૪૧.૦૦ |
| બ્રેન્ટ ક્રૂડ તેલ | ૧૦-૦૨-૧૨ | ૫૫૬૫.૦૦ | ૫૬૦૬.૦૦ | ૫૫૩૫.૦૦ | ૫૫૮૬.૦૦ | ૪૨.૦૦ |
| નેચરલ ગેસ | ૨૪-૦૨-૧૨ | ૧૩૭.૫૦ | ૧૩૭.૫૦ | ૧૩૧.૪૦ | ૧૩૨.૦૦ | -૬.૨૦ |
| સીપીઓ | ૩૧-૦૧-૧૨ | ૫૧૩.૧૦ | ૫૧૫.૬૦ | ૫૧૩.૧૦ | ૫૧૪.૨૦ | -૨.૧૦ |
| એલચી | ૧૫-૦૨-૧૨ | ૬૮૧.૫૦ | ૬૮૬.૭૦ | ૬૬૧.૯૦ | ૬૬૩.૮૦ | -૧૮.૬૦ |
| ખાંડ-એમ કોલ્હાપુર | ૨૦-૦૨-૧૨ | ૨૮૫૪.૦૦ | ૨૮૬૯.૦૦ | ૨૮૪૯.૦૦ | ૨૮૬૪.૦૦ | ૧૭.૦૦ |
| બટેટા-આગ્રા | ૧૫-૦૩-૧૨ | ૭૨૫.૦૦ | ૭૨૯.૮૦ | ૭૨૧.૫૦ | ૭૨૮.૩૦ | ૩.૯૦ |
| બટેટા-તારકેશ્વર | ૧૫-૦૩-૧૨ | ૫૮૦.૭૦ | ૫૮૨.૯૦ | ૫૭૭.૫૦ | ૫૮૧.૮૦ | ૨.૪૦ |
| મેન્થા તેલ | ૩૧-૦૧-૧૨ | ૧૫૧૯.૦૦ | ૧૫૭૩.૭૦ | ૧૫૧૩.૮૦ | ૧૬૫૯.૯૦ | ૧૨૭.૨૦ |
| કપાસ | ૩૧-૦૩-૧૨ | ૮૯૦.૦૦ | ૯૦૭.૦૦ | ૮૮૩.૦૦ | ૮૯૯.૭૦ | ૬.૦૦ |
| રૂ | ૩૧-૦૧-૧૨ | ૧૭૬૯૦.૦૦ | ૧૭૬૯૦.૦૦ | ૧૭૧૬૦.૦૦ | ૧૭૪૨૦.૦૦ | -૧૯૦.૦૦ |


દાવાત્યાગ : આ રિપોર્ટ/ભાવકોપી ફક્ત સામાન્ય જાણકારી આપવાના ઉદ્દેશથી બનાવાયો છે, જોકે એક્સચેન્જે વાસ્તવિક જાણકારી આપવાનો દરેક શક્ય પ્રયાસ કર્યો છે. આ રિપોર્ટ એ શરતે ઉપલબ્ધ છે કે આમાં રહેલી કોઈ ભૂલચૂકને દાવા, માગ કે કાનૂની કાર્યવાહી માટે આધાર બનાવી શકાશે નહી. * ટર્નઓવરનો આંકડો ગઈકાલ રાતના અને આજના દિવસના સત્રનો સંયુક્ત છે.

**Disclaimer:**
Multi Commodity Exchange of India Limited is proposing, subject to market conditions and other considerations, a public offer of equity shares by way of an offer for sale and has filed a Draft Red Herring Prospectus ("DRHP") with the SEBI. The DRHP is available on the websites of SEBI at www.sebi.gov.in and the book running lead managers at www.edelcap.com, http://www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm and www.morganstanley.com/indiaofferdocuments. Investors should note that investment in equity shares involves a high degree of risk and for details in relation to risk factors, please see the section titled "Risk Factors" in the DRHP.

This advertisement may not be published or distributed in the U.S., Canada or Japan and is not an offer or solicitation of an offer for sale of securities in the U.S. These securities have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended, and may not be offered or sold in the U.S. absent registration or an exemption from registration under such act.